પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૧ ૧૧ જુલાઈ, ૨૦૧૯, ગુરૂવાર; અષાઢ સુદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ઋષિકેશમાં અતિભારે વરસાદ ગંગા ભયજનક સ્તરે

**ઋષિકેશ ઉપરાંત દહેરાદૂન, ચમોલી, હરિદ્વાર પણ ભારે વરસાદ : અતિભારે વરસાદના પરિણામ સ્વરુપે નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર થયા : ઉત્તરપ્રદેશ, બિહાર સહિત છ રાજ્યોમાં રેડએલર્ટની કરાયેલી જાહેરાત**



ઋષિકેશ, તા. ૧૦

ઉત્તરાખંડના ઋષિકેશમાં અતિભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બીજી બાજુ ઉત્તરાખંડના ઋષિકેશમાં ગંગા નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરની નજીક પહોંચી ગઈ છે. રાજ્યમાં અવિરત વરસાદ છેલ્લા કેટલાક દિવસથી પડી રહ્યો છે. ગંગા નદીમાં પાણીની સપાટી ૩૩૮.૦૫ મીટર સુધી પહોંચી ગઈ છે. રાજ્યના જુદા જુદા ભાગોમાં અતિભારે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગના કહેવા મુજબ ઉત્તરાખંડના જુદા જુદા ભાગોમાં પણ ભારે વરસાદથી નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, વ્યાપક વરસાદ હજુ પણ જારી રહેશે. ૧૨મી જુલાઈ સુધી અતિભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે એક દિવસ પહેલા જ ભારે વરસાદની ચેતવણી જારી કરી હતી. નૈનિતાલ, ચંપાવર, પીથોરાગઢ, ચમોલી, દહેરાદુન જિલ્લાઓમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, નૈનિતાલ, ચમોલી, પોરીગઢવાલમાં પણ અતિભારે વરસાદ થઈ શકે છે. હરિદ્વાર જિલ્લામાં પણ અતિભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આઈએમડી તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, દેશના છ રાજ્યોમાં રેડએલર્ટની જાહેરાત કરવામાં આવી ચુકી છે. હવામાન વિભાગના કહેવા મુજબ ઉત્તરપ્રદેશ, બિહારમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. પૂર્વીય ઉત્તરપ્રદેસમાં ૧૩મી જુલાઈ સુધી રેડએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઉત્તરાખંડ, સિક્કિમ, આસામમાં પણ ભારે વરસાદની ચેતવણી

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકાથી ભારત ૧,૦૦૦ વિમાનો ખરીદવા ઈચ્છુક

**ટ્રેડ વોર ખતમ કરવા માટે ભારતની તૈયારી : આગામી સાતથી આઠ વર્ષના ગાળા દરમિયાન વિમાનો ખરીદવાની યોજના : બંને દેશોના પ્રધાનોની મિટિંગ મળી**

નવી દિલ્હી,તા. ૧૦

મોદી સરકાર-૨ સત્તામાં પ્રચંડ બહુમતિ સાથે આવ્યા બાદ અમેરિકા સાથે વધુ સારા સંબંધ સ્થાપિત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. હાલમાં જ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાતચીત કરી હતી. સાથે સાથે દ્વિપક્ષીય સંબંધ મજબુત કરવા મુદ્દા પર વાતચીત થઈ હતી. હવે ટ્રેડ વોરનો અંત લાવવા માટે ભારત અમેરિકાની પાસેથી ૧૦૦૦ વિમાનો ખરીદશે. ભારતે આગામી સાતથી આઠ વર્ષના ગાળામાં વિમાનો ખરીદવા માટેની યોજના બનાવી છે. આ ઉપરાંત અમેરિકા પાસેથી તેલ અને ગેસની ખરીદીમાં વધારો કરવા માટેની વાત પણ કરવામાં આવી રહી છે. થોડાક સમય પહેલા અમેરિકાના દક્ષિણ અને મધ્ય એશિયાના વેપાર પ્રતિનિધી માર્ક લિસ્કોટ વાણિજ્ય મંત્રાલયના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. વેપારના મોરચા પર ઉભી થયેલી સમસ્યાને લઈને વાતચીત કરશે. ભારત તરફથી અમેરિકા તરફથી આયાત થનાર ૨૯ ચીજો પર આયાત ડ્યુટીમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારબાદ પણ ભારત એ બાબત સમજાવવાના પ્રયાસમાં છે કે તેમના દ્વારા મુકવામાં આવેલા જવાબી ટેક્સ ડબલ્યુટીઓની તરફથી તેને મળેલા અધિકાર ક્ષેત્ર હેઠળ આવે છે. આ ટ્રેડ વોરની શરૂઆત અમેરિકા જ ભારત તરફથી આયાત થનાર સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેકસ વધારીને કરી હતી. ભારત તરફથી અમેરિકાની સામે એવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો કે તેના તરફથી ટેકસમાં વધારો કરવાના જવાબમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત તરફથી વધારી દેવામાં આવેલા ટેકસના દરો ચોથી ઓગષ્ટથી અમલી બનનાર છે. રશિયા અને અમેરિકા સાથે વેપાર સંતુલન જાળવી રાખીને ભારત આગળ વધવા માટે ઈચ્છુક છે. ભારત તેની સેનાને મજબુત કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ અને તૈયાર છે.

## ‘કર-નાટક’: બાગી ધારાસભ્યો ‘સુપ્રિમ’ના શરણે

**આજે સુનાવણી : બાગી ધારાસભ્યોને મળવા પહોંચેલા ડીકે શિવકુમારની ધરપકડ : હોટલ બહાર ૧૪૪ લાગુ : બાગી ધારાસભ્યોએ આરોપ લગાવ્યો કે સ્પીકર રમેશ કુમાર બંધારણીય કર્તવ્યોનું પાલન નથી કરી રહ્યા : બેંગ્લુરુમાં જેડીએસ-કોંગ્રેસ નેતાઓએ વિરોધ પ્રદર્શન કર્યું**



મુંબઈ/બેંગ્લુરુ,તા.૧૦

કર્ણાટકમાં રાજકીય સંકટ વધી રહ્યું છે. રાજીનામું સ્વીકાર ન થતાં કોંગ્રેસ-જેડીએસના બળવાખોર ધારાસભ્યો સુપ્રીમ કોર્ટ પહોંચ્યા છે . તેમણે સ્પીકર પર આરોપ લગાવ્યો છે કે તેઓ જાણી જોઈને વાર કરી રહ્યા છે. ધારાસભ્યોએ આરોપ લગાવ્યો છે કે, રમેશ કુમાર તેમના બંધારણીય કર્તવ્યોનું પાલન નથી કરી રહ્યા. તેઓ જાણી જોઈને રાજીનામું સ્વીકારવામાં વાર કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટ આ અરજીની સુનાવણી ગુરુવારે કરે તેવી શક્યતા છે.

મુંબઈના રેનિસંસ હોટલમાં રોકાયેલા કોંગ્રેસ અને જનતા દળ (સેક્યૂલર)ના ૧૦ બળવાઓર ધારાસભ્યોએ મુંબઈ પોલીસ કમિશ્રરને પત્રમાં જણાવ્યું કે તેમના જીવને ખતરો છે. જેથી હોટલની બહાર સુરક્ષા પૂરી પાડવામાં આવે. આ ધારાસભ્યોનું કહેવું છે કે તેઓ કર્ણાટકના સીએમ એચડી કુમારસ્વામી અને સીનિયર કોંગ્રેસ નેતા ડીકે શિવકુમારને નથી મળવા માંગતા. તો બીજી બાજુ કર્ણાટકમાં ચાલી રહેલી રાજકીય ધમાચકડી છેક મહારાષ્ટ્ર સુધી પહોંચી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**મીસા ભારતી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ**

એન્ફોર્સમેન્ટ ડીપાર્ટમેન્ટે રાષ્ટ્રીય જનતાદળના નેતા અને રાજદ મુખિયા લાલુપ્રસાદ યાદવની દીકરી મીસા ભારતી અને તેના પતિ શૈલેન્દ્રકુમાર વિરૂદ્ધ પૂરક આરોપપત્ર દાખલ કર્યુ છે.

**અખિલેશ યાદવની મુશ્કેલીઓ વધી**

ઉત્તરપ્રદેશમાં થયેલ ગેરકાયદે માઈનિંગ મામલે તપાસ કરી રહેલી સીબીઆઈ ટીમને સજ્જડ પુરાવા મળ્યા છે. જે યુપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવની મુશ્કેલીઓ વધારી શકે છે. માઈનીંગ લગભગ દોઢ ડઝન ટેન્ડરોને અખિલેશ યાદવે સીએમ પદે રહીને મંજૂરી આપી હતી.

**પાકિસ્તાન સમર્થક સંસ્થા પર પ્રતિબંધ**

ભારતે ખાલિસ્તાન સમર્થક શીખ ફોર જસ્ટીસ સંસ્થા પર પ્રતિબંધ લગાવી દીધો છે. એપ્રિલમાં મોદી સરકારના અનુરોધ પર પાકિસ્તાને આ સંગઠન પર પ્રતિબંધની માંગ કરી હતી. અમેરિકા, કેનેડા અને બ્રિટનમાં રહેનાર આ સંગઠનના રાજ્યો પર યુએપીએ એક્ટ હેઠળ પ્રતિબંધ લગાવાયો છે.

**નોઈડામાંથી ૬૦ વિદેશીઓની ધરપકડ**

નોઈડાની ગૌતમબુદ્ધનગર પોલીસ દ્વારા ચલાવાયેલા અભિયાન હેઠળ ૬૦ વિદેશીઓની ધરપકડ કરવામાં આવી છે. ગેરકાયદે ભારતમાં રહેનાર આ વિદેશીઓના વીઝા સહિતના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે.

**ફિટનેસ મામલે મોદીએ અક્ષય અને બાબા રામદેવને પણ પછાડ્યા!**

ફિટનેસ મામલે લોકોને પ્રોત્સાહિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બોલીવૂડ અભિનેતા અક્ષય કુમાર અને યોગ ગુરૂ બાબા રામદેવને પાછળ છોડી દીધા છે. સ્વાસ્થ્ય માટે લોકોને પ્રોત્સાહિત કરવા માટે તેઓ દેશમાં સતત બીજી વખત પ્રથમ સ્થાન પર આવ્યા છે.

## વિશ્વકપ વિજેતા બનવાનું ભારતનું શમણું રોળાયુ

**ન્યુઝીલેન્ડ સામે ભારત ૧૮ રને હારી ગયું : ૨૨૧ રનમાં ઓલઆઉટ : ભારત જેવી મજબૂત ટીમે સેમિફાઇનલમાં શરૂઆતની ચાર વિકેટ માત્ર ૨૪ રનમાં જ ગુમાવી હતી : ધોની-જાડેજાથી છેલ્લી ઓવર સુધી મેચ રોચક રહી**




માન્ચેસ્ટર,તા. ૮

માન્ચેસ્ટરના ઐતિહાસિક મેદાન ખાતે આજે આઈસીસી વર્લ્ડકપમાં સૌથી મોટો અપસેટ સર્જાયો હતો અને વરસાદગ્રસ્ત મેચ રિઝર્વના ડેના દિવસે રમાયા બાદ ભારતની આશ્ચર્યજનકરીતે ન્યુઝીલેન્ડ સામે ૧૮ રને હાર થઈ હતી. જીતવા માટેના ૨૪૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા આજે રિઝર્વ ડેના દિવસે ભારતીય ટીમ ૪૯.૩ ઓવરમાં ૨૨૧ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. એક વખતે ભારતે ચાર વિકેટ માત્ર ૨૪ રનમાં ગુમાવી દેતા ક્રિકેટ ચાહકોમાં સોપો પડી ગયો હતો અને ભારતીય ટીમની હાર એ વખતે જ લગભગ નિશ્ચિત થઈ ગઈ હતી. જો કે, આજની મેચમાં ફરી એકવાર મહેન્દ્રસિંહ ધોની અને જાડેજાએ છેલ્લી ઘડી સુધી ભારતની આશા જીવંત રાખી હતી અને મેચને રોમાંચક બનાવી દીધી હતી અને મેચ છેલ્લી ઓવર સુધી પહોંચી હતી. જાડેજાએ ૫૯ બોલમાં ચાર છગ્ગા અને ચાર ચોગ્ગાની મદદથી ઝંઝાવતી ૭૭ રન બનાવ્યા હતા જ્યારે ધોની ૭૨ બોલમાં ઉપયોગી ૫૦ રન કરીને આઉટ થયો હતો. ધોની ગુપ્ટિલના ડાયરેક્ટ થ્રોથી રનઆઉટ થતાં ટર્નિંગ પોઈન્ટ આવ્યો હતો અને ભારતની હાર છેલ્લી ઓવરમાં નક્કી થઈ હતી. ધોનીએ છેલ્લી ઓવર સુધી બાજી રાખી હતી. છેલ્લી પાંચ ઓવરમાં ભારતે નિરાશાજનક દેખાવ કરીને ૪૦ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. વર્લ્ડકપમાં હજુ સુધીની નવ મેચમાં સૌથી વધુ ૬૪૭ બનાવનાર રોહિત શર્મા આજની

● અનુસંધાન પાન-૭ પર

## ભારતના પરાજયથી કરોડો ચાહક નિરાશ

**ચાહકોને હારનો વિશ્વાસ પણ ન થયો : મેદાન પર મોટી સંખ્યામાં ભારતીય ચાહકો ભાવનાશીલ બનીને રડી પડ્યા : ટીવી પર મેચ જોનારાઓ પણ નિરાશ**

માન્ચેસ્ટર, તા. ૧૦

માન્ચેસ્ટરના મેદાન ઉપર વર્લ્ડકપની સેમિફાઈનલ મેચમાં ભારતની હાર થતાં મોટો અપસેટ સર્જાયો હતો. આની સાથે જ કરોડો ક્રિકેટ ચાહકો આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા. ન્યુઝીલેન્ડ સામે મેચમાં હાર થઈ હોવાની બાબત ભારતીયો મોડે સુધી માની શક્યા ન હતા અને મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો મેદાનમાં જ રડી પડ્યા હતા. સાથે સાથે તમામ ભારતીયોના ચહેરા ઉતરી ગયા હતા. મેદાન ઉપર ક્રિકેટ ચાહકો હતાશામાં ગરકાવ થઈ ગયા હતા. બીજી બાજુ ટીવી ઉપર મેચ નિહાળી રહેલા કરોડો ચાહકો પણ નિરાશામાં ગરકાવ થઈ ગયા હતા. ન્યુઝીલેન્ડે આ મેચમાં માત્ર ૨૩૯ રનનો જુમલો ખડક્યો

● અનુસંધાન પાન-૭ પર

## અમેઠીની હાર માટે સ્થાનિક નેતાઓ દોષિત : રાહુલ ગાંધી

**અમેઠીમાં પક્ષના કાર્યકરો અને નેતાઓ સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરી : ચૂંટણીમાં હાર બાદ પ્રથમ વખત અમેઠીમાં : અમેઠીને ક્યારે પણ છોડશે નહીં**

અમેઠી, તા. ૧૦

લોકસભાની ચૂંટણીમાં અમેઠી બેઠક પર કારમી હાર ખાધા બાદ પોતાની પ્રથમ મુલાકાતે પહોંચેલા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આજે પોતાની હાર માટે સ્થાનિક નેતાઓને દોષિત ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, તેઓ પોતાના મત વિસ્તારને ક્યારે પણ છોડનાર નથી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, સ્થાનિક નેતાઓ લોકોથી બિલકુલ દૂર રહ્યા હતા. રાહુલે ખાતરી આપી હતી કે, પોતાના મતવિસ્તાર માટે કામ કરતા રહેશે. બીજી બાજુ રાજ્ય યુવા કોંગ્રેસના વડા નદીમ અશરફે રાહુલ ગાંધીને ટાંકીને કહ્યું હતું કે, રાહુલ અમેઠીમાં પાર્ટી માટે અને લોકો માટે કામ કરવા માટે ઈચ્છુક છે. અમેઠીના વિકાસને કોઈ કિંમતે રોકવામાં આવશે નહીં. રાહુલ ગાંધીએ પાર્ટી વર્કરો સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત રાહુલે પાર્ટી વર્કરોના આત્મવિશ્વાસ વધારવાનો પ્રયાસ કર્યો હતો. રાહુલે એમ પણ કહ્યું હતું કે, તેઓ વાયનાડમાંથી સાંસદ તરીકે છે પરંતુ અમેઠી સાથેના તેમના સંબંધ ત્રણ દશક જુના છે. દિલ્હીમાં અમેઠી માટે લડત ચલાવતા રહેશે. ચૂંટણી પરિણામ અંગે રાહુલ ગાંધીએ કોઈ વધારે વાત કરી ન હતી. અમેઠીની ચૂંટણીમાં આશ્ચર્યજનકરીતે હાર થઈ હતી. રાહુલ ગાંધીની કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની સાથે હાર થઈ હતી.

## અમરનાથ યાત્રા માટે પાંચ હજારથી વધુ શ્રદ્ધાળુ રવાના

જમ્મુ,તા. ૧૦

વાર્ષિક અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં જારી રહી છે. આજે શ્રદ્ધાળુઓનો નવો કાફલો સઘન સુરક્ષા વચ્ચે રવાના કરવામાં આવ્યો હતો. ૫૨૭૩ શ્રદ્ધાળુઓનો નવો કાફલો જમ્મુથી રવાના કરવામાં આવ્યો હતો. પહેલી જુલાઇના દિવસે વાર્ષિક અમરનાથ યાત્રા શરૂ કરવામાં આવ્યા બાદથી હજુ સુધી દર્શન કરી ચુકેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૧.૨ લાખથી ઉપર પહોંચી ચુકી છે. અમરનાથ યાત્રાને ભગવાન શિવના પ્રતિક તરીકે ગણવામાં આવે છે. કુદરતી રીતે બનતા શિવલિંગના દર્શન કરવા માટે હજુ લાખો શ્રદ્ધાળુઓ ઉત્સુક બનેલા છે. છેલ્લા નવ દિવસના ગાળામા જ હજુ સુધી લાખો શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરી ચુક્યા છે. પહેલી જુલાઇના દિવસે અમરનાથ યાત્રા શરૂ કરવામાં આવ્યા બાદથી જ શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.







